જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૧/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ, ૧૪૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૪૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૬૪ બિયર ટીન અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૮૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૪૧/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ ફોનવાલે કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા આનંદભાઈ કૌશીકભાઈ રાવલ (રહે. ગંગાધર સોસાયટી ભદ્રેશ્વર સોસયટી પાછળ હાંસોલ રોડ સરદારનગર) એ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમદાવાદ એસ.જી.હાઈ–વે ગુજરાત હાઈકોર્ટ સામે સત્યમ–૬૪ ખાતે ફોનવાલે કંપનીની મુખ્ય ઓફીસ આવેલ છે. જે ફોનવાલે કંપનીની અલગ–અલગ શહેરમાં સ્ટોર ખોલવામાં આવેલ છે જે સ્ટોર ખાતે એક એક સ્ટોર મેનેજર રાખવામાં આવેલ છે. રાજકોટ એસ્ટ્રોન ચોક ચોક ખાતે અંબાણી ફોન્સ યુનિટ ઓફ ફોનવાલે નામના સ્ટોર ખાતે સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતા તોફીક સુલેમાનભાઈ જુનાચ (રહે. શેરી–૧ પોલીસ હેડ ક્વાર્ટર્સ સામે જામનગર રોડ રાજકોટ) એ તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા.૨૬/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ફોનવાલેના સ્ટોર ખાતે જે મોબાઈલ ફોન ક્રેડીટ કાર્ડ ઉપર વેચાણ આપેલ હોય તેના ટ્રાન્જેક્શન આઈડી નંબર અથવા એપ્રુવલ નંબર રોકડેથી વેચાણ આપેલ મોબાઈલ ફોનના બીલીંગ વખતે સપોર્ટીંગ રીસીપ્ટમાં દર્શાવી ખોટી સપોર્ટીંગ રીસીપ્ટ બનાવી મોબાઈલ ફોન વેચાણના રોકડ રૂપિયા રૂપિયા ૧૩,૭૭,૫૩૧/– કંપનીમાં જમા નહી કરાવી ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.દેસાઈ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ ધર્મેશ સ/ઓ પુરનસિંહ લોધા (ઉ.વ.૨૨) (રહે.ઉમીયામાનો ચોકની સામે, વિનોબાભાવેનગર, વિંઝોલ) એ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધર્મેશ લોધા તા.૧૫/૦૧/૨૦૨૫ ના રોજ રાયપુર ખાતે રહેતા સંબંધીના ઘરે ગયા હતા જ્યાં જાણવા મળેલ કે જયેશ તુલસીભાઈ લોઢા (રહે. હનુમાનની ચાલી, વાડજ) નાઓ રેલવે વિભાગમાં અધીકારી છે અને રેલવેમાં નોકરી અપાવે છે તેથી ધર્મેશ લોધાએ તેઓનો મોબાઈલ નંબર મેળવી સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે રેલવે ગાર્ડમાં નોકરી મળશે જેના સેટીંગ માટે રૂપિયા ૫૫૦૦/– આપવા પડશે તેમજ અન્ય કોઇને રેલવે ગાર્ડમાં નોકરી કરવી હોય તો નોકરી અપાવીશ તેમ જણાવતા તા.૨૩/૦૧/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ધર્મેશ લોધા એ તથા ધર્મેશ લોધાના દસ મિત્રોને રેલવે ગાર્ડમાં નોકરી માટે કુલ રૂપિયા રૂપિયા ૬૦,૫૦૦/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેઓના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા તેઓએ ફોન બંધ કરી દીધો હતો. આમ પૈસા મેળવી લઈ નોકરી નહી અપાવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

ઈસનપુરઃ કેયુરભાઇ રમેશભાઇ પરમાર (ઉ.વ.૩૬)(રહે. મહારાણા પ્રતાપ સોસાયટી ઈસનપુર) એ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૫ કલાક ૧૧/૫૫ વાગ્યાના સુમારે પોતાના મોબાઇલ ફોનમા આવેલ ફ્રી ટીવી ચેનલ અંગેની 'ટીવી ગાર્ડન' નામની એડ ઉપર ક્લીક કરી એપ્લીકેશન ડાઉનલોડ કરતા કેયુરભાઇ પરમારનો ફોન હેક થઇ ગયો હતો દરમ્યાન અજાણી વ્યક્તિએ કેયુરભાઇના ગુગલ પે એકાઉન્ટ દ્વારા બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૯૭,૦૦૦/– ટ્રાન્ઝેકશન કરી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૪૨/૨૦૨૫**

બોડકદેવઃ ભરતભાઈ બાબુભાઈ શાહ (ઉ.વ.૭૫)(રહે.આર્યમાન બંગ્લોઝ, થલતેજ–શિલજ રોડ, શિલજ) એ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૫ કલાક ૦૦/૫૦ થી ૨/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો કાચ તોડી ત્રણ પુરૂષ મકાનમાં પ્રવેશ કરી, ભરતભાઈ શાહને છરો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મકાનમાંથી સોના તથા હીરા જડીત દાગીના, સોનાની લગડી તેમજ કાંડા ઘડિયાળ અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૨,૯૧,૦૦૦/– મતાની ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

પાલડીઃ પલક ડો/ઓ ચંદ્રકાંતભાઇ દવે (ઉ.વ.૪૭)(રહે.દવે નિવાસ કુસુમઘર પ્લોટ, ગુજરાત સોસાયટી પાસે, પાલડી) એ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૫ સવારના ૯/૦૦ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળીનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રૂમના મંદિરમાંથી ચાંદીના સિક્કા નંગ–૧૧૦ કિમત રૂપિયા ૫૦,૦૦૦/–, ભગવાનની ચાંદીની મુર્તી, ચાંદીની થાળી, ચાંદીની પવાલી, ચાંદીની વાટકી મળી કુલ કિમત રૂપિયા ૨૦,૦૦૦/– તેમજ તિજોરીમાંથી એક–બે ગ્રામના સેટ નંગ–૧૨ કિમત રૂપિયા ૬૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૪૩/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ જીતેન્દ્રભાઇ કાન્તીભાઇ પટેલ (ઉ.વ.૫૯)(રહે.મંગલમ–૧, સ્વતંત્ર બંગલોઝ, ઈશ્વરકૃપા સોસાયટીની બાજુમાં ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા નવા ગરનાળાની બાજુમાં આવેલ વિનાયક ગૃપ કન્સ્ટ્રકશન સાઇટ પાછળ ખુલ્લા ખેતરમાં પતરાના સેડવાળી ઓરડીમાં લોખંડની એંગલ સાથે રસ્સો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

અમરાઈવાડીઃ પરેશભાઈ બાબુભાઈ પારધી (ઉ.વ.૩૨)(રહે.સુખ સાગર ફ્લેટ, સ્વસ્તીક ચાર રસ્તા પાસે, અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૩૧/૧૦/૨૦૨૫ સાવરના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી